**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# બ્રૅમ્પટનનાં વ્યવસાયોના વિકાસાર્થે સિટી આરંભે છે "સપોર્ટ લોકલ" અભિયાન

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (20 મે 2020) – રહેવાસીઓ લોકલ એટલેકે *સ્થાનિક ઉત્પાદો ખરીદે, ખાય, ઉપહાર તરીકે આપે અને સપોર્ટ કરે* તે માટે આજે, સિટીએ તેમના "સપોર્ટ લોકલ" અભિયાનની શરૂઆત કરી. સ્થાનિક વ્યવસાયો પર COVID-19 નો નોંધપાત્ર પ્રભાવ પડ્યો હોવાથી તેમને બ્રૅમ્પટનના સમાજ પાસેથી ક્યારેય જરૂર ન પડી હોય એટલી મદદની આવશ્યકતા છે.

વ્યવસાયો ઓનલાઈન શોપિંગ અને કર્બસાઇડ પિકઅપ આપવાનું શરૂ કરે અને છેવટે ફરી ખુલે ત્યારે "સપોર્ટ લોકલ" અભિયાન રહેવાસીઓને પ્રોત્સાહિત કરે છે કે તેઓ COVID-19 દરમિયાન તેમજ ત્યાર પછી પણ સ્થાનિક માલ જુએ, પસંદ કરે અને ખરીદે. પછી તે ટેકઆઉટ ખાદ્ય વસ્તુઓ હોય કે ગિફ્ટ કાર્ડ્સ હોય કે દ રોઝ (The Rose) નું ઓનલાઈન પ્રોગ્રામિંગ હોય, નાગરિકો બ્રૅમ્પટનના અનેક સ્થાનિક ઉત્પાદોને અજમાવી શકે છે.

બ્રૅમ્પટનનાં વ્યવસાયોને પોતાનો ટેકો દર્શાવવા માટે લોકો પોતાના પ્રિય વ્યવસાયોને સોશ્યલ મિડિયા પર પ્રમોટ કરી શકે જેમાં સાથે "સપોર્ટ લોકલ" નું ચિત્ર હોય અને હેશટેગ #SupportLocalBrampton હોય અને આવી રીતે તેઓ પોતાના સોશ્યલ મિડિયાના એકાઉન્ટ્સ મારફતે સ્થાનિક વ્યવસાયો સાથે પ્રવૃત્ત થઈ શકે છે.

બ્રૅમ્પટનનાં અર્થતંત્રમાં સ્થાનિક વ્યવસાયોની નિર્ણાયક ભૂમિકા છે. COVID-19 ની શરૂઆત થઈ તે વખતે જ્યારે સ્થાનિક વ્યવસાયો COVID-19 ના પ્રભાવોમાંથી પસાર થઈ રહ્યા હતાં ત્યારે સીટી ઓફ્ બ્રૅમ્પટને વ્યવસાયોને ટેકો આપવાના હેતુથી ઈકોનોમિક સપોર્ટ ટાસ્ક ફોર્સ બનાવ્યો હતો. આજ દિન સુધીમાં ટાસ્ક ફોર્સે વ્યવસાયો સાથે 5,000 કરતા વધુ વખત સંપર્ક કર્યા છે અને ટેલિફોન ટાઉન હૉલ્સ મારફતે લગભગ 900 નાના વેપારો સાથે પ્રવૃત્ત થયા છે જેમાં તેઓએ COVID-19 ની અસરો અને તેના સંભવિત ઉકેલની ચર્ચા કરી છે. ગત સપ્તાહમાં, બ્રૅમ્પટન સીટી કાઉન્સિલે ટાસ્ક ફોર્સની ઈકોનોમિક રિકવરી સ્ટ્રેટજીને મંજૂરી આપી, જેમાં સિટીના અર્થતંત્રને ફરી બેઠું કરવા અને વ્યવસાયોને મદદરૂપ થવા માટેની અનેક પહેલો પૈકી એક એવું આ "સપોર્ટ લોકલ" અભિયાનને વિકસાવવું પણ સામેલ છે.

વધુ જાણકારી માટે અહીં મુલાકાત લો www.brampton.ca/supportlocal.

**અવતરણો**

"હું નાગરિકોને સપોર્ટ લોકલ અભિયાનને ટેકો આપવા અને આપણા શહેરના અર્થતંત્રને ફરી બેઠું કરવા અમારી સાથે જોડાવાનું, આપણા મૂલ્યવાન વેપારી આલમને મદદ કરવા અને આંત્રપ્રુન્યોરશીપમાં (સાહસ) નિવેશ કરવા આહ્વાન આપું છું. સાથે મળી આપણે આપણા આ મહાન શહેરને આ કટોકટીમાંથી બહાર કાઢી શકીશું."

– *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ્ બ્રૅમ્પટન*

આ અભિયાન શરૂ કરીએ છીએ ત્યારે અમારી સાથે બ્રૅમ્પટન બોર્ડ ઓફ ટ્રેડનાં અમારા ભાગિદારો નાગરિકોને પ્રોત્સાહિત કરવા જોડાય છે કે તેઓ સપોર્ટ લોકલની ચળવળમાં જોડાય અને આ મહામારીમાં આપણા વ્યવસાયોને મદદ કરે જેથી આપણું શહેર તેમાંથી મજબૂતી સાથે બહાર નીકળી શકે. ચાલો આપણે સહુ સાથે મળી આપણા સમાજમાં વધુ રોજગાર ઊભો કરીએ અને આપણા અર્થતંત્રને બળવાન બનાવીએ. વાસ્તવમાં સાથે રહીશું તો મજબૂત રહીશું."

– માઇકલ પલેશી, પ્રાદેશિક પરિષદ સભ્ય (રીજનલ કાઉન્સિલર) વૉર્ડ 2 અને 6, સહ પ્રમુખ, ઇકોનોમિક સપોર્ટ ટાસ્ક ફોર્સ

" હવે તો ખાસ સપોર્ટ લોકલને ટેકો આપવો અતિ અગત્યનું છે – ચાલો આપણા મહેનતથી કમાયેલ પૈસા સમાજની અંદર જ રાખીએ અને આપણાં વેપાર ધંધાને COVID-19 ની વિધ્વંસક અસરોમાંથી બહાર કાઢીએ. બ્રૅમ્પટનના સમુદાયની સામાજિક એકતાના ભાવ માટે અમને હંમેશા ગૌરવ રહ્યો છે – આ જ સમય છે જ્યારે આપણે આપણા વ્યવસાયોને બતાવવાનું છે કે આપણે તેમની કેટલી કદર કરીએ છીએ."

– *પૉલ વિસેન્ટ, પ્રાદેશિક પરિષદ સભ્ય (રીજનલ કાઉન્સિલર)વૉર્ડ 1 અને 5, સહ પ્રમુખ, ઇકોનોમિક સપોર્ટ ટાસ્ક ફોર્સ*

"COVID-19 ની અસરો સામે જ્યારે આપણે લડત ચલાવી રહ્યા છીએ ત્યારે આપણે કરૂણા, મદદ અને સામાજિક એકતાના ઘણાં કિસ્સાઓ આપણા નાગરિકોમાં તેમજ વ્યવસાયોમાં જોયા છે. આપણે અંતે જ્યારે ફરી બધું ખુલ્લું મુકીશું તે લક્ષ્ય પર પહોંચવા માટેના આ પ્રચંડ વેગને ચાલો વધુ હવા આપીએ."

– *ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (David Barrick, Chief Administrative Officer), સિટી ઓફ બ્રૅમ્પટન*

-30-

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca